જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૭/૨૦૧૫ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૦/૧૫**

**"પોતાના શેઠ રામપાલના સાળા સત્યપ્રકાશ ને હાથ ઉછીના આપેલ માત્ર નાણા રુપિયા:- ૪,૫૦૦/- ની લેતી દેતી ની નજીવી તકરાર બાબતે હત્યા કરી છેલ્લા અગિયાર વર્ષથી નાશતો-ફરતો આરોપી દશરથ કેવટ ને ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ"**

.............................................................................................................................................

અમદાવાદ શહેર માં અસામાજીક તત્વો, તેમજ વાહન ચોરીઓ ના ગુન્હાઓ માં સંડોવાયેલ ઈસમોને શોધી કાઢવા સારુ નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ સા. નાઓએ આપેલ સુચના અનુસંધાને પોલીસ ઈન્સપેકટર શ્રી જે.એમ.યાદવ, પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.પી. કરેણનાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સોલાબ્રીજ પાસે સાથેના પો.કો. પ્રદીપસિંહ મહીપાલસિંહ નાઓને મળેલ બાતમી આધારે દશરથ શ્રીકિશન કેવટ ઉ.વ ૩૦ રહે, ચાર માળીયા ઔડાના મકાનમાં વિજયમીલ મેમકો નરોડા અમદાવાદ શહેર મુળ વતન અનિરુધ્ધનગર તાલુકો ભવાઇન થાના અયાના જીલ્લો ઓરૈયા ઉતરપ્રદેશ નાને ઝડપી લઈ સને-૨૦૦૪ માં મેઘાણીનગર વિસ્તારમાં આવેલ લીમડા જોગણી માતાના મંદીર પાછળ ભાર્ગવ રોડ એરપોર્ટ પાસે ખુલ્લા મેદાનમાં પૈસા બાબતે સત્યપ્રકાશ સાથે ઝગડો થતા સત્યપ્રકાશ નું ગળુ દબાવી હત્યા કરી પોતે નાશી ગયેલ હોવાની હકિકત ખુલવા પામતા તેના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી મેઘાણીનગર મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુન્હા રજીસ્ટર નંબર ૨૩૬/૨૦૦૪ ઈપીકો કલમ ૩૦૨ મુજબના કામે સોપવા તજવીજ કરવામાં આવેલ છે.

**રીઢા મુછીયા ચેઇન સ્નેચરને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.**

---------------------------------------------------------------------------------------------------

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ આપેલ માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓની સુચના મુજબ પો.સ.ઇ શ્રી રાજેશ સુવેરાની ટીમના હેડ કોન્સ્ટેબલ રાકેશકુમાર રમાશંકર નાઓ અમદાવાદ શહેરમાં બનતા મિલકત ગુન્હાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં નિકળેલ દરમ્યાન સ્ટાફના પો.કોન્સ.રાજેન્દ્રકુમાર જીવરામભાઇ તથા પો.કોન્સ.ધીરજકુમાર લક્ષ્મણભાઇ નાઓને મળેલ ચોકકસ બાતમી હકિકત આધારે મોહસીન ઉર્ફે બોબડો S/O નુરમોહંમદ શાહ (ફકિર) ઉવ.૨૩ રહે.બ્લોક નં.૧ બીજા માળે, સલાટનગર અંબીકામીલ પાસે ખોખરા બ્રિજની પાસે ગોમતીપુર અમદાવાદ શહેરને સોનાની ચેઇન સાથે પકડી પાડેલ.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

પકડાયેલ આરોપીઓની સઘન પુછપરછ કરતાં સદરી ઇસમે તેના એક સાગરીત સાથે મળી બંનેએ આજથી એકાદ માસ અગાઉ મણીનગર વિસ્તારમાં એક બહેનના ગળામાંથી તોડેલ હોવાની કબુલાત આપેલ છે જે વખતે આ કામના આરોપીનો સાગરીત નવાજ મોટર સાયકલ ચલાવતો હતો અને મોહસીન ઉર્ફે બોબડો પાછળ બેઠેલ હતો અને નવાજે એક બેન પાસે જઇ મોટર સાયકલ ધીમી કરતાં પાછળ બેઠેલ મોહસીને આ બેનના ગળામાંથી સોનાની ચેઇન તોડી લીધેલ.તે સિવાય તેની પાસેથી મળી આવેલ ચેઇન આજથી દોઢેક માસ અગાઉ એક કાળા કલરની બજાજ પલ્સર મોટર સાયકલ પર બેસી સવારના સમયે વટવા કેનાલ પાસે એક એકટીવા ચાલક બહેન જતાં હોય તેઓની પાછળથી આવી તેઓના ગળામાં હાથ નાંખી સોનાની ચેઇન પેડલ સાથેની ખેંચી લીધેલ હોવાની કબુલાત આપેલ છે

આ આરોપીએ આ સિવાય બીજા કોઇ ગુન્હાઓ આચરેલ છે કે કેમ તેમજ અન્ય કોઇ આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ તે બાબતે તેઓની ઝીણવટ પુર્વક પુછ પરછ તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)